# પંદરમી ગુજરાત વિધાનસભા
# દિવસના કામકાજની યાદી

**બીજું સત્ર**

**શુક્રવાર, તા. ૧૭મી માર્ચ, ૨૦૨૩**

**બપોરના ૧૨-૦૦ વાગ્યે**

૧. **પ્રશ્નોત્તરી**

**તારાંકિત પ્રશ્નોત્તરી**

(૧) માનનીય મુખ્યમંત્રીશ્રી સામાન્ય વહીવટ, વહીવટી સુધારણા, તાલીમ અને આયોજન, ગૃહ અને પોલીસ હાઉસીંગ, મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ, પંચાયત, માર્ગ અને મકાન અને પાટનગર યોજના, ખાણ અને ખનિજ, યાત્રાધામ વિકાસ, નર્મદા અને કલ્પસર, બંદરો, માહિતી અને પ્રસારણ, નશાબંધી અને આબકારી, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી, તમામ નીતિ વિષયક બાબતો અને અન્ય કોઇ મંત્રીશ્રીઓને ન ફાળવેલ વિષયો

(૨) માનનીય રમત ગમત અને યુવક સેવા, સ્વૈચ્છિક સંસ્થાઓનું સંકલન, બિન નિવાસી ગુજરાતીનો પ્રભાગ, વાહન વ્યવહાર, ગૃહ રક્ષક દળ અને ગ્રામ રક્ષક દળ, નાગરિક સંરક્ષણ, જેલ, સરહદી સુરક્ષા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) (સ્વતંત્ર હવાલો)

૨. **તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)**

નીચેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય સભ્યશ્રી અર્જુનભાઇ મોઢવાડિયા (રમણલાલ વોરા, પાયલ કુકરાની, હર્ષદભાઇ પટેલ)માનનીય આરોગ્ય મંત્રીશ્રીનું ધ્યાન દોરશે:-

તાજેતરમાં રાજ્યમાં **H**3**N**2 ફ્લુના કારણે શરદી, તાવ, ઝાડા, ઉલટી તેમજ ખાંસીના કેસોમાં ખૂબ જ વધારો થયો છે. આ વાયરસ અબાલવૃધ્ધ સહિત તમામમાં ફેલાઇ રહ્યો છે, તેના કારણે કોરોના બાદ હાલમાં નાગરિકોમાં **H**3**N**2 ફ્લુનો ભય ફેલાયેલ છે, ત્યારે **H**3**N**2 ફ્લુને ફેલાતો અટકાવવા સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં.

...૨...

## ૩. માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ)

| પ્રભારી મંત્રીશ્રી | માગણી નંબર | માગણીનો જેની સાથે સંબંધ હોય તે સેવા | | માગણીની રકમ રૂ. | અંદાજપત્ર પ્રકાશન નંબર અને પાનાનંબર |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ૪ | ૫ |
| **પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ** | | | | | અં.પ્ર.નં.–૧૯ |
| મુખ્યમંત્રીશ્રી | ૭૦ | સમૂહ વિકાસ | મહેસૂલ | ૪૧,૯૪,૯૯,૦૭,૦૦૦ | ૭ અને ૮, ૫૦ થી ૭૪, ૮૫ થી ૮૭ |
| | | | મૂડી | ૧,૪૯,૭૬,૦૦,૦૦૦ | |
| ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી | ૭૧ | ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ | મહેસૂલ | ૩૨,૦૪,૬૮,૭૭,૦૦૦ | ૧૭ થી ૨૫, ૩૩ થી ૪૯ અને ૮૮ |
| | | | મૂડી | ૧,૪૬,૪૦,૦૦૦ | |
| **વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ** | | | | | અં.પ્ર.નં.–૨૩ |
| મુખ્યમંત્રીશ્રી | ૮૯ | વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ | મહેસૂલ | ૧,૧૫,૮૮,૪૯,૦૦૦ | ૪ થી ૮ |

## ૪. બિન–સરકારી કામકાજ

### બિન–સરકારી વિધેયકો

### પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેનાં બિન–સરકારી વિધેયકો

**૪૦ મિનિટ** (૧) સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક–૧૦–સન ૨૦૨૩નું ગુજરાત ખાનગી વાહનોના ડ્રાઈવરોનું ફરજિયાત રજિસ્ટ્રેશન અને નિયમન કરવા બાબત વિધેયક

**...... માનનીય સભ્યશ્રી બાબુભાઈ પટેલ**

**૪૦ મિનિટ** (૨) સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક–૮–સન ૨૦૨૩નું ગુજરાત જાહેર સ્થળોએ વિરોધ પ્રદર્શન કરવા પર પ્રતિબંધ મૂકવા બાબત વિધેયક

**...... માનનીય સભ્યશ્રી પુનમચંદ બરંડા**

**૪૦ મિનિટ** (૩) સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક–૯–સન ૨૦૨૩નું ગુજરાત પાણી પ્રદૂષણ (નિવારણ અને નદીઓનું શુદ્ધિકરણ) વિધેયક

**...... માનનીય સભ્યશ્રી અમીત શાહ**

**આગળના વિધેયકો પૈકી કોઇ એક વિધેયક હાથ ધરવામાં ન આવે તો તેને ફાળવેલો સમય** (૪) સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક–૭–સન ૨૦૨૩નું ગુજરાત નાના કુટુંબને વૃદ્ધિ (પ્રોત્સાહન) વિધેયક

**...... માનનીય સભ્ય શ્રીમતી રીટાબેન પટેલ**

**વિધાનસભાગૃહ,**
**ગાંધીનગર.**
**તા. ૧૬મી માર્ચ, ૨૦૨૩**

**ડી. એમ. પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**